# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NDA LEADER NARENDRA MODI

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-NDA સંસદીય દળની આજે મળેલી બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંસદીય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે આજે NDA સંસદીય દળના નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવને કેન્દ્રીયમંત્રી અમિત શાહ, નીતિન ગડકરી અને ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ, જેડીયુ પ્રમુખ અને બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર સહિત એનડીએના તમામ સાથી પક્ષોએ ટેકો આપ્યો હતો.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, NDA એ પક્ષોનું જૂથ નથી જે સત્તા માટે એકસાથે આવ્યા હોય પરંતુ તે સૌથી પહેલા રાષ્ટ્રની ભાવના સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ ગઠબંધન છે. તેમણે કહ્યું કે, NDA ભારતના ઈતિહાસમાં સૌથી સફળ ગઠબંધન છે અને અમારો ઉદ્દેશ્ય તમામ નિર્ણયોમાં સર્વસંમતિ સુધી પહોંચવાનો રહેશે. મોદીએ કહ્યું કે, આજે દેશની જનતાએ 22 રાજ્યોમાં સરકાર બનાવીને NDAને સેવા કરવાની તક આપી છે.

(બાઈટ - નરેન્દ્ર મોદી)

શ્રી મોદીએ વધુમાં કહ્યું હતું કે, NDA સરકાર સુશાસન, વિકાસ, સામાન્ય નાગરિકોના જીવનમાં ન્યૂનતમ હસ્તક્ષેપ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં NDAએ દેશને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જવાનું કામ કર્યું છે. શ્રી મોદીએ કહ્યું કે, NDAના તમામ નેતૃત્વ સ્તંભોમાં એક સામાન્ય બાબત છે જે સુશાસન છે.

આ અગાઉ શ્રી મોદીના નામનો પ્રસ્તાવ મૂકતા રાજનાથ સિંહે કહ્યું કે તેઓ આ પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. તેમણે કહ્યું કે આ ગઠબંધન કોઈ મજબૂરી નથી પરંતુ અમારી પ્રતિબદ્ધતા છે.

આ પ્રસ્તાવને સમર્થન આપતાં કેન્દ્રીયમંત્રી અમિત શાહે કહ્યું કે આ માત્ર એનડીએ સંસદીય દળની બેઠકમાં બેઠેલા નેતાઓની નથી પરંતુ આ દેશના 140 કરોડ લોકોની ઈચ્છા છે. ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે છેલ્લા દસ વર્ષમાં મહત્વપૂર્ણ પહેલ કરી છે. તેમણે કહ્યું કે દેશે નોંધપાત્ર પ્રગતિ અને પરિવર્તન જોયું છે.

પ્રધાનમંત્રી મોદી પ્રત્યે સમર્થન વ્યક્ત કરતા બિહારના મુખ્યમંત્રી અને જેડીયુ પ્રમુખ નીતિશ કુમારે કહ્યું કે આ એક મોટી વાત છે કે આપણે બધા સાથે આવ્યા છીએ અને હવે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આપણે બધા સાથે મળીને કામ કરીશું.

આ અવસર પર ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે એનડીએને સતત ત્રીજા વર્ષે લોકસભા ચૂંટણીમાં બહુમતી મળી છે. તેમણે કહ્યું કે ઓડિશા અને આંધ્રપ્રદેશમાં અમને જે સફળતા મળી છે તે પ્રશંસનીય છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## DANG JAHERNAMU

ડાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.ડી.તબીયારે ભારેથી અતિભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તકેદારીના ભાગરૂપે જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં નદીઓ, તળાવો, ચેકડેમો, નાળા તેમજ જિલ્લામાં આવેલ નાના-મોટા ધોધ વગેરેમાં માછલી પકડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ ઉપરાંત કપડા ધોવા, ન્હાવા માટે તેમજ ડાંગ જિલ્લામાં આવતા સહેલાણીઓ નદીઓ, તળાવો, ચેકડેમો, નાળા તેમજ જિલ્લામાં આવેલ ધોધ પર ન્હાવા ઉપર પ્રતિબંધ લગાવાયો છે. આ જાહેરનામું સાતમી જૂન થી તારીખ પાંચમી ઓગષ્ટ સુધી અમલમાં રહેશે.

## DANG BULLOCK OPERATION

ડાંગના કેશબંધ ગામમાં બળદના શિંગડાનું ઓપરેશન કરી બળદને પીડા મુકત કરી બચાવી લેવાયો હતો. ડાંગમાં ૧૦ ફરતા પશુ દવાખાના કાર્યરત છે.. ત્યારે કેશબંધ ગામેથી મળેલા કોલને આધારે બળદની તપાસ કરતા જાણવા મળ્યું શિંગડાનું કેન્સરનું નિદાન થયું હતું. આ ફરતા પશુ દવાખાના દ્વારા તાત્કાલિક સર્જરી કરીને તેને બચાવી લેવાયો હતો. ખેડૂત પશુપાલક મહેશભાઇ માળવી અને ગામ ના લોકોએ નિશુલ્ક અને સમયસર સારવાર આપવા બદલ ફરતા પશુ દવાખાનાના તબીબોનો આભાર માન્યો હતો.. સરકારના સહયોગથી કાર્યરત આ સેવા ઉપકારક સાબિત થઇ રહી છે તેનું આ ઉદાહરણ છે.

## Silver Medal

રાજ્ય ખેલમહાકુંભની રાજયકક્ષાની જુડો સ્પર્ધામાં ભાવનગર જીલ્લાની નંદકુંવરબા મહિલા કોલેજ દેવરાજનગરની વિદ્યાર્થીની અંકિતા યાદવે રજતચંદ્રક જીત્યો છે.

અમારા ભાવનગરના પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, દેવગઢ બારિયામાં યોજાયેલી સ્પર્ધામાં રાજયના વિવિધ જીલ્લાઓમાંથી 70 થી વધુ વિદ્યાર્થીનીઓએ

ભાગ લીધો હતો. અંકિતા યાદવે રજતચંદ્રક જીતી કોલેજ સહિત ભાવનગરનું ગૌરવ વધાર્યું છે.

## Plantation Bhavnagar

ભાવનગર જીલ્લામાં પર્યાવરણ દિન નિમિત્તે યંગ ઇન્ડિયન દ્વારા વેસ્ટર્ન વર્કશોપ ભાવનગર પરા ખાતે 1300 રોપા એન્ડ હંસ ઇન્ડસ્ટ્રી પર 620 રોપા મિયાવાકી પદ્ધતિ દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. કાર્યક્રમમાં યંગ ઇન્ડિયનના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.